©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] MONDAY, 02nd FEBRUARY, 2026/MAGHA 13, 1947 [No. 910

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

વિરમગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ

મુખ્ય અધિકારી વિરમગામ નગરપાલિકા, વિરમગામ

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (વિરમગામ) (પ્રથમ ફેરફાર)ની દરખાસ્ત તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા બાબત.

અધિસુચન

No. VRGNP/0091/01/2026.–સને ૧૯૭૬ના ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવ. એકટની કલમ-૭૧ અન્વયે, અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં.૨૭)ની કલમ-૪૧ ની જોગવાઈઓ હેઠળ વિરમગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ/ વિરમગામ નગરપાલિકાની આયોજન સમિતિનાં તા. ૧૩-૦૧-૨૦૨૬ ના ઠરાવ નં.૧/૨૦૨૬ થી ઠરાવ્યા મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩ (વિરમગામ)ની દરખાસ્તને અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયએ તા. ૨૭-૧૧-૨૦૨૫ થી આપેલ પરામર્શ અન્વયે નકશામાં ગુલાબી ઘેરા રંગની રેખાથી દર્શાવ્યા મુજબ વિરમગામ નગરપાલિકા હદ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (વિરમગામ) (પ્રથમ ફેરફાર) બનાવવા ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) મુજબ ઈરાદો જાહેર કરવામાં આવેલ છે. જેમાં અંતિમ નગર રચના યોજના નં.૧(વિરમગામ) ના અંતિમખંડ નં. ૬૩ (હેતુ : શોપિંગ સેન્ટર), ૪૨ (હેતુ : શોપિંગ સેન્ટર) તથા અન્ય અંતિમખંડ નં. ૪૧ નો સમાવેશ થાય છે.

જે મુજબના નકશાની એક નકલ, જમીન માલિકો તેમજ હીત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે મુખ્ય અધિકારીશ્રીની કચેરી,વિરમગામ નગરપાલિકા, અટલ બિહારી વાજપેયી ભવન,ગાંધી હોસ્પિટલ સામે, માંડલ રોડ, વિરમગામ-૩૮૨૧૫૦ ખાતે રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે.

આ સમગ્ર બાબતે વિરમગામ નગરપાલિકાની નગર આયોજન સમિતિમાં નીચે મુજબ ઠરાવ પસાર થયો હતો.

નગર આયોજન સમિતિના ઠરાવ નં.૧, તા. ૧૩-૦૧-૨૦૨૬.

વિરમગામ નગરપાલિકાની હદમાં સમાવિષ્ટ મુસદારૂપ નગર રચના યોજના નં. ૦૧ (વિરમગામ) (પ્રથમ ફેરફાર)ને મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરના તા.૨૭-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક - નયો/નં.૧/(વિરમગામ) (પ્રથમ ફેરફાર)/કલમ(૪૧)(૧)/પરામર્શ/ઉ.ગુ./૪૧૮૧ થી અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ આપેલ પરામર્શ અન્વયે મુસદારૂપ નગર રચના યોજના નં. ૦૧ (વિરમગામ) (પ્રથમ ફેરફાર) તૈયાર કરવા અંગે પરામર્શની દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગની રેખાથી દર્શાવેલ વિસ્તારમાં મુસદારૂપ નગર રચના યોજના નં. ૦૧ (વિરમગામ) (પ્રથમ ફેરફાર) ની દરખાસ્ત તૈયાર કરવા માટેનો ઈરાદો સામાન્ય સભાના તા. ૧૨-૧૧-૨૦૨૫ ના ઠરાવ નં. ૨/૨૦૨૫ થી મળેલ સત્તા અનુસાર ધી ગુ.ટા.પ્લા. એન્ડ અર્બન ડેવ.એક્ટ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરવામાં આવે છે અને ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજૂર કરવામાં છે. તથા અધિનિયમના રૂલ્સ નં. ૧૭ હેઠળ ઓનર્સ મીટીંગ યોજવા તથા અધિનિયમની કલમ-૪૨(૧) હેઠળ પ્રસિધ્ધ કરવા તથા પ્રસિધ્ધી અન્વયે મળેલ વાંધા સુચનો અન્વયે નિર્ણય લઈ, સદરહુ મુસદારૂપ નગર રચના યોજનાની દરખાસ્તને અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા, આ કામે ખર્ચ કરવા સુધીની તમામ સત્તા મુખ્ય અધિકારીશ્રીને સોંપવા સામાન્ય સભાને ભલામણ કરવાનું સર્વાનુમતે મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

વિરમગામ
તા.૨૭-૦૧-૨૦૨૬

સહી/- અવાચ્ય
મુખ્ય અધિકારીશ્રી
વિરમગામ નગરપાલિકા

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.02.04 14:26:04 IST